**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**એક્ષ્ટર્નલ ( બાહય ) અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૨૬–૨૭**
**(માત્ર સેમેસ્ટર ૨ મા આવેલ વિદ્યાર્થીઓ માટે)**

કચ્છ યુનિવર્સિટીમાં એક્ષ્ટર્નલ (બાહય) અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૧ માથી સેમેસ્ટર ૨ મા પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે કચ્છ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭ ના શૈક્ષણિક વર્ષ માટે બી.એ. / બી.કોમ.અને એમ.એ. / એમ.કોમ. ના એક્ષ્ટર્નલ ( બાહય ) અભ્યાસક્રમના સેમેસ્ટર ૨ માટેની પ્રવેશ કાર્યવાહી શરૂ થનાર છે. બી.એ./બી.કોમ. સેમેસ્ટર ૨ અને એમ.એ./એમ.કોમ.સેમેસ્ટર ૨ ના ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.ac.in પર પોતાના લોગીન મારફતે વિષય પસંદગી તથા પ્રવેશ ફી ઓનલાઈન મોડથી ભરવાની રહેશે. બી.એ. / બી.કોમ. સેમેસ્ટર ૨ અને એમ.એ./એમ.કોમ.સેમેસ્ટર ૨ના ફોર્મની જ હાર્ડકોપી યુનિવર્સિટી ના રૂમ નં. ૧૧૪ (એકેડમિક વિભાગ) ખાતે વેરીફીકેશન કરાવી રૂબરૂમાં જમા કરાવાનું રહેશે વેરીફિકેશન થયેલ ફોર્મને જ પ્રવેશ કન્ફર્મ થયેલ ગણાશે જે વિદ્યાર્થીઓએ ખાસ નોધ લેવી.

ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી યુનિવર્સિટીના હેલ્પલાઈન નં. ૦૨૮૩૨ – ૨૩૭૩૦૦ પરથી મેળવી શકાશે. સેમેસ્ટર ૧થી આપને ફાળવેલ <u>SPD ID</u> નંબર થી આપ આપના લોગીન મારફતે સેમેસ્ટર ૨ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સરળતાથી કરી શકશો. સેમેસ્ટર ૧થી ફાળવેલ <u>SPD ID</u> નંબરવાળા જ વિદ્યાર્થીઓ સેમેસ્ટર ૨ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરી શકશે. વિષય પસંદગી માટેની અન્ય માહિતી યુનિવર્સિટી વેબસાઈટના Student વિભાગના External પેજ પરથી જોઈ શકાશે.

**તા.૧૭/૩/૨૦૨૬ થી તા.૨૩/૩/૨૦૨૬ સુધી (લેઈટ ફી વગર)**
**તા.૨૪/૩/૨૦૨૬ થી તા.૨૫/૩/૨૦૨૬ સુધી (રૂા.૫૦૦/– લેઈટ ફી સાથે)**

| B.A.Sem-II Fees | B.Com.Sem-II Fees | M.A. & M.Com. Sem-II Fees |
|---|---|---|
| Rs.4025/- | Rs.4525/- | Rs.6325/- |

ઓનલાઈન ભરેલા ફોર્મ તા. તા.૨૭/૩/૨૦૨૬ સુધી બીજા તથા ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ અને ૩.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય (એકેડમિક વિભાગ રૂમ નં. ૧૧૪) પર સ્વીકારવામાં આવશે.ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ તેમને મળેલ સેમેસ્ટર ૧ પ્રમાણિત કરેલ માર્કશીટ ઓનલાઈન ફોર્મની હાર્ડકોપી સાથે અચૂક જોડવાની રહેશે. ફોર્મ ભરવા વિદ્યાર્થીએ રૂબરૂ જ હાજર રહેવું અન્યથા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. કોઈપણ ભુલ થયેથી અથવા વિષયોની ખોટી પસંદગીની જવાબદારી વિદ્યાર્થીની રહેશે. યુનિવર્સિટી દવારા જાહેર કરવામા આવતી માહિતીઓ વિદ્યાર્થીઓને સમયસર મળતી રહે તે માટે વિદ્યાર્થીઓએ પોતાનું લોગીન તથા યુનિવર્સિટી વેબસાઈટ જોતા રહેવાની યુનિ. દવારા જણાવવામાં આવે છે.

તા. ૧૨/૩/૨૦૨૬

K.S.K.V. KACHCHH UNIVERSITY * Bhuj-Kachchh *

S.D
કુલસચિવ